# વિજિલન્સના દરોડા બાદ ગાંધીનગરના પીઆઈ જે. ડી મેવાડા સસ્પેન્ડ

**શહેરના સે-૪માં કાર વોશિંગ સેન્ટરમાં દરોડો પાડીને વિજિલન્સની ટીમે વિદેશી દારૂનો મોટો જથ્થો સહિત દસ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો : ડી સ્ટાફ ઉપર પણ કાર્યવાહી થાય તેવી શક્યતા**

ગાંધીનગર, તા.૨૦

રાજ્યના પોલીસ વડાની ટીમ વિજિલન્સે તાજેતરમાં ગાંધીનગર શહેરનાં સેક્ટર-૪ ખાતે કાર વોશિંગ સેન્ટરમાં દરોડો પાડી પાંચ લાખની કિંમતનો દારૂનો જથ્થો પકડી પાડયો હતો. વાહનો સહિત વિજિલન્સની ટીમે ૧૦ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને કડક કાર્યવાહી શરૂ કરી હતી. આ પ્રકરણમાં બેદરકારી બદલ ગાંધીનગર શહેરના સેક્ટર-૭ પોલીસ મથકમાં ફરજ બજાવતા સિનિયર પીઆઈ જે.ડી મેવાડાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાના હુકમ થતાં પોલીસબેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. તો બીજી તરફ પી.આઈ મેવાડાની ટીમ ડી સ્ટાફ ઉપર પણ કડક કાર્યવાહી થાય તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે.

શહેરનાં સેક્ટર-૭ પોલીસ મથકની હદમાં આવતા સેક્ટર-૪માંથી સ્ટેટ વિજિલન્સે તાજેતરમાં જ રુ.૫.૯૦ લાખની કિંમતનો દારૂ પકડી પાડ્યો હતો.

સેક્ટર-૪ ના કોર્નર પર આવેલા ઓમ ઓટો મોબાઈલ નામના ગેરેજ તથા નંદનવન કાર વોશિંગના કમ્પાઉન્ડમાંથી વિજિલન્સે દારૂનો જથ્થા સાથે કુલ ૧૦,૩૭,૩૮૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી બે શખ્સોને ઝડપી લીધા હતા. પાંચ લાખથી વધુની કિંમતનો દારૂ પકડાતા આ પ્રવૃત્તિ અંગે બાતમી મેળવવામાં અને ડામવામાં નિષ્ફળ રહેવા બદલ રાજ્યનાં પોલીસવડાએ પીઆઈ જે.ડી. મેવાડાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા છે. આ દારૂના કેસમાં ત્રણ આરોપીઓ હજુ પોલીસ પકડથી દૂર છે.

પોલીસે ઘટના સ્થળેથી જગ્યાનો માલિક ઘનશ્યામ પટેલ તથા જગ્યા ભાડે લઈ ધંધો કરનાર શંકર ચૌધરીને ઝડપી લીધા હતા. તે બંને હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. તો આ કેસમાં હજુ ત્રણ આરોપી એવા ધંધામાં ભાગીદાર વિષ્ણુ રામભાઈ પટેલ, સહ આરોપી ગૌરવ પંજાબી અને કાર માલિક વૈષ્ણવ ગોપાલદાસ ખ્યાલીદાસને પોલીસ હજુ પકડી શકી નથી. સેક્ટર-૭ પોલીસ મથકમાં ડી સ્ટાફની નબળી કામગીરી પણ હાલ જીલ્લા પોલીસ બેડામાં ચર્ચાનો વિષય બની છે.

છેલ્લા કેટલાય સમયથી ડી સ્ટાફના પીએસઆઈ સહિતનો સ્ટાફ કોઈ નક્કર કામગીરી કરી શક્યો નથી. થોડા સમયે પહેલાં સિવિલ આસપાસથી વાહનો ચોરી કરતા આરોપીને પકડ્યો હતો અને આ કામગીરી પોતાની ટીમનાં નામે ચઢાવી દીધી હતી. જેમા બહાર આવ્યુ હતુ કે આ ડિટેક્સનની કામગીરી પણ સિવિલના જ કર્મચારીએ કરી હતી. આરોપીને પકડીને ડી સ્ટાફને સોંપ્યો હતો. ડિફેન્સ વસાહત આસપાસથી બોટલ લઈને જતા તત્વોને પકડીને તોડ કરવા આ ડી-સ્ટાફ પંકાયેલી છે. પી.આઈને સસ્પેન્ડ કર્યા બાદ હવે ડી સ્ટાફ સામે પણ કાર્યવાહી થાય તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે.





## વાવોલમાં રાજપૂત સમાજ દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ

કાશ્મીરના પુલવામા જિલ્લાના અવંતિપુર ખાતે થયેલા ઘાતકી આતંકવાદી હુમલામાં શહીદ થયેલા ભારતના વીર સપૂત જવાનોના પગલે દેશભરમાં આક્રોશ ઓસરવાનુ નામ લેતો નથી. ગાંધીનગર શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ આ ઘટના પ્રત્યે નાગરિકો પોતાની સંવેદના વ્યક્ત કરવા રસ્તા પર આવી રહ્યાં છે. મંગળવારની સાંજે ગાંધીનગરના વાવોલ ખાતે રાજપૂત સમાજના યુવાનો દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના હેતુથી રેલી તથા કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં ખૂબ મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયાં હતા અને ''શહીદો અમર રહો''ના સુત્રો પોકાર્યા હતા.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




લાવો મને આપી દો... હવે તમારુ કામ નથી, મારા જેવા અનુભવીની તમને જરૂર છે...!!

## દહેગામની નહેરૂ ચોકડી પાસેથી એસેન્ટ કારમાંથી વિદેશી દારુ ઝડપી પાડતી એલસીબી પોલીસ

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર એલસીબી પોલીસ ટીમના જવાનો ગત રાત્રીના સમયે પેટ્રોલીંગમાં હતા તે સમયે અ.હે.કો. મહેન્દ્રસિંહ વિષ્ણુસિંહ ને



બાતમી મળી હતી કે રખીયાલ તરફથી એસેન્ટ કાર નં.જી.જે.૧. કે.પી.-૧૯૮૭ વિદેશી દારુનો જથ્થો ભરીને આવી રહી છે. જેને પગલે દહેગામ નહેરૂ ચોકડી પરથી એસેન્ટ કારને પકડી પાડી હતી. કારમાંથી દારુની બોટલ નંગ.૧૭૦ કિ.રૂ. ૫૪૪૦૦ ના જથ્થા સાથે નરેન્દ્રસિંહ પ્રતાપસિંહ સોઢા હાલ રહે.હાટકેશ્વર પુષ્પમનગર મકાન નં.૯ ભકત પ્રહલાદ સોસાયટીની સામે અમદાવાદ મુળ રહે. તા.માંડવી, જી.કચ્છ ભુજ, તેમજ પ્રવિણભાઈ પરષોતમભાઈ પટેલ રહે.હાટકેશ્વર મહાદેવ ખંડેરવાલ ચાલી, આ બંન્ને શખ્સોને પકડી પાડી દારુનો જથ્થો, મોબાઈન નંગ-૨ તેમજ એસેન્ટ કાર કિ.૨,૫૦,૦૦૦ મળી કુલ રૂ. ૩,૦૮,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી દહેગામ પોલીસ મથકે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



અલુવા ગામ તા. કલોલ મુકામે પુલવામામાં શહીદ થયેલા સી.આર.પી.એફ.ના જવાનોના માનમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ગામના તમામ લોકોએ ભાગ લઈ ભારત માતાની જયના સૂત્રો સાથે આખા ગામમાં ફરીને છેલ્લે સભા કરીને જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી.

## સબ સ્ટાન્ડર્ડ વસ્તુઓનો વેપલો કરતા ૧૩ વેપારીઓને ૨૨ લાખનો દંડ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકાની ફુડ શાખા દ્વારા વિવિધ દુકાનોમાંથી લેવાયેલા નમૂના નાપાસ થતાં દાખલ કરાયેલા કેસોમાં એડજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટરશ્રીની કોર્ટ દ્વારા રૂ. ૨૨ લાખ ૩૫ હજારનો દંડ ફટકારવાના હુકમો કરવામાં આવ્યા છે.

મનપાની ફુડ શાખા દ્વારા ૧૩ જેટલી દુકાનોમાંથી નમુના મેળવી અને તપાસ કરાવી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આજે મનપાની ફુડ શાખા દ્વારા આ અંગે જારી કરાયેલ યાદીમાં જણાવાયા મુજબ ૨૨ લાખ ૩૫ હજારનો દંડ આ વેપારીઓને ફટકારવામાં આવેલ છે.

ફુડ શાખા દ્વારા લુઝ દહીં, લુઝ મરચુ, પાણીનુ પાઉચ, ઝીણીસેવ, બાસમતી પેકિંગ, કપાસિયા તેલ, ચોખા, ખસ સરબત અને લુઝ પનીર જેવી ચીજવસ્તુઓના નમુના લેવામાં આવ્યા હતા. જે પરીક્ષણમાં સબ સ્ટારન્ડર્ડ જણાયા હતા.

આ શાખાએ વધુ ૧૪ જેટલા વેપારીઓને ત્યાંથી પણ નમૂના મેળવી અને રાજકોટની લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલી આપેલ છે. જેના પરિણામ મળેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

## આલમપુર પાસેથી બંધ બોડીના પીકઅપ ડાલામાંથી વિદેશી દારુ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર ચિલોડા માર્ગ પર આલમપુર પાટીયા પાસેથી ગત્ રાત્રીના સમયે ચિલોડા પોલીસે પીકઅપ ડાલામાંથી વિદેશી દારુ સાથે બે ઈસમોને ઝડપી પાડ્યા છે. વિદેશી દારુ, પીકઅપ ડાલુ, અને મોબાઈલ સહિત મળીને કુલ રૂ. ૧૦.૫૯.૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસને બાતમી મળી હતી કે એક બંધ બોડીના પીળા કલરના પીકઅપ ડાલામાં દારુનો જથ્થો ચિલોડાથી અમદાવાદ તરફ જવાનો છે. જેને પગલે ચિલોડા પોલીસ મથકના પીઆઈ યુવરાજસિંહ વાઘેલા સહિત સ્ટાફના કર્મચારીઓ રાત્રીના સમયે વોચમાં ગોઠવાઈ ગયા હતા. આ સમયે બાતમીવાળુ પીકઅપ ડાલુ આર.જે.૧૦.જીબી-૧૬૯૦ આવ્યું હતું. પોલીસે તેને આડશ કરી રોકવાનો પ્રયત્ન કરતા ડાલાના ચાલકે ડાલુ ચિલોડાથી ગાંધીનગર તરફ દોડાવ્યું હતું. આ ડાલાનો પોલીસે ફિલ્મી ઢબે પીછો કરતા આલમપુર પાટીયા પાસેથી ડાલુ ઝડપાઈ ગયું હતું. પોલીસે પકડાયેલા બે ઈસમનું નામ પુછતા તેઓ હરીયાણાના ભીવાનીના રહેવાસી જોની આનંદસીંગ અને




મનદિપ શિવકુમાર દાનત હોવાનું બહાર આવ્યું છે. પોલીસે ડાલામાંથી ૧૧૬ પેટીમાં કુલ ૧૩૯૨ બોટલ વિદેશી દારુનો જથ્થો મળી આવ્યો હતો. ચિલોડા પોલીસે રૂ.૫.૬૦ લાખની કિંમતનો દારુ, ત્રણ મોબાઈલ અને પાંચ લાખની કિંમતનું પીકઅપ ડાલુ મળી કુલ રૂ. ૧૦.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ પીએસઆઈ એમ.એન.બારીયા ચલાવી રહ્યા છે.

## ચિલોડા ખાતે 'મારો ખેડૂત સમૃદ્ધ ખેડૂત' નાટક દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ

ચિલોડા, તા. ૨૦

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામના ચોકમાં ધી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક તથા જી.એસ.સી.ના સંયુક્ત ઉપક્રમે મારો ખેડૂત સમૃદ્ધ ખેડૂત અંતર્ગત એક જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કલાવૃંદ ટીમ દ્વારા ખેડૂતોને સરકારી યોજનાઓ, કૃષિલક્ષી ઉપયોગી માહિતીગાર કરવા પુરૂ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ડેરી પ્રોજેક્ટ, પોલ્ટીફાર્મ, ગોડાઉન ગ્રીનહાઉસ, ખેતપેદાશોનું ઉત્પાદન, પોષણક્ષમભાવો, ખેતીલક્ષી ખેત ઓજારો, પાણીનો મહત્તમ ઉપયોગમાં ટપક-ફૂવારા સિંચાઈ પદ્ધતિ, ઓર્ગનિક ખેતી, બિયારણ, ખાતર, જંતુનાશક દવા જમીન ચકાસણી, બેંકિંગ સેવા, એ.ટી.એમ. કાર્ડ, સોલર લાઈટ વગેરેની નાટ્યાત્મક રીતે સમજણ પુરી પાડી હતી.

## વેડા ગામની સીમમાં આરઆર સેલની ટીમનો સપાટો : દારુ સહિત ૫૩ લાખનો મુદ્દામાલ જપ્ત

**દારુના કટીંગ સમયે પોલીસ ત્રાટકતા ફિલ્મી દ્રશ્યો સર્જાયા, કંટેનર-કાર, દારુની બોટલ ૯૦૨૪ સહિતનો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો**

વેડા ગામની સીમમાં ગોગા મહારાજના મંદિર પાસે આવેલી ખરાબાની જમીનમાં ગત્ રાત્રીએ



દારુનું કટીંગ ચાલી રહ્યું હતું, તે સમયે અચાનક આરઆરસેલની ટીમે દરોડો પાડતા બુટલેગરોમાં દોડધામ મચી જવા પામી હતી. પોલીસે કંટેનર એચ.આર.૫૫.જે.-૯૪૮૦ માં તપાસ કરતા કારપેટના રીલની આડમાં વિદેશી દારુનો જથ્થો મળી આવ્યો હતો.પોલીસને બોટલ નંગ-૯૦૨૪ કિ.૨.૨૮,૦૮,૦૦૦ તેમજ ટ્રક - વેગનઆર ગાડી સહિત અન્ય મુદ્દામાલ મળી કુલ કિ.રૂ. ૫૩,૨૧,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કલોલ તાલુકા પોલીસ મથકે ગુનોં નોંધી વધુ તપાસ આદરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર આરઆરસેલની ટીમના કર્મચારીઓ ગત્ રાત્રીએ ગાંધીનગર જિલ્લા વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગમાં નારદીપુર રોડ પર આવ્યા હતા. તે દરમિયાન આરઆરસેલના પીએસઆઈ ડી.ડી.રહેવરને બાતમી મળી હતી કે કુલદિપસિંહ ઉર્ફે ભદો વિક્રમસિંહ આલ (રબારી), રહે.લવારા, તા.ધાનેરા, જી.બનાસકાંઠા હાલ-કલોલ, આ બંન્ને શખ્સો દ્વારા વિદેશી દારુનો જથ્થો એક કંટેનરમાં મંગાવ્યો છે. તેમજ વેડા ગામની સીમમાં ગોગા મહારાજના મંદિર પાસે આવેલી ખરાબાની જમીનમાં કંટેનર ઉભુ રાખ્યું છે અને દારુનો જથ્થાનું કટીંગ થવાનું છે. જેથી બાતમીવાળી જગ્યાએ આરઆર સેલની ટીમે તપાસ કરતા ખુલ્લી જગ્યામાં કંટેનર તેમજ એક કાર ઉભી હતી અને અંદાજીત આઠથી દસ માણસો હાજર હતા. જે માણસો ટ્રકમાંથી પેટીઓ નીચે ઉતારી રહ્યા હતા. ત્યારે આરઆરસેલની ટીમના કર્મચારીઓ કટીંગના સ્થળે પહોંચી જતા ત્યાં હાજર માણસોમાં ભાગદોડ મચી જવા પામી હતી. માણસો વાહનો જે તે સ્થળે મુકીને અંધારાનો લાભ લઈ બાવળની ઝાડીઓમાં ભાગી રહ્યા હતા. તે સમયે નજીકમાં ઉભી રહેલી વેગન-આર કારનો ચાલક પોતાની ગાડી ચાલુ કરી ભાગવા જતા કાર ખાડામાં ફસાઈ જતા એને દોડી પકડી લીધો હતો અને બાકીના માણસો અંધારાનો લાભ લઈ ભાગી છુટવામાં સફળ રહ્યા હતા. પોલીસે કંટેનર, ગાડી, દારુ તેમજ અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૫૩,૨૧,૦૦૦ નો કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## રણાસણ સર્કલેથી ભુસાની આડમાં ટ્રકમાંથી દારુ ઝડપાયો

ચિલોડા પાસે આવેલા ડભોડા પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા. ત્યારે સવારના ૬ વાગ્યાના અરસામાં રણાસણ સર્કલ પાસે એક ટ્રક શંકાસ્પદ મળી આવ્યો હતો. ટ્રકના ચાલક વિશે પુછતાજ કરવા છતા કોઈના મળી આવતા પોલીસે ટ્રકની અંદર તપાસ કરતા ભુસાની આડમાં વિદેશી દારુની પેટીઓ મળી આવી હતી. પોલીસે ૪૭૧૬ બોટલ ઈંગ્લીસ દારુ, કિ.રૂ.૧૮.૮૬ તેમજ ટ્રક કિં.૫.૦૦.૦૦૦ મળીને કુલ રૂ. ૨૩,૮૬,૪૦૦ નો મુદ્દામાલ ઝપ્ત કરી ડભોડા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસ મથકના પીએસઆઈ બી.આર.રાઠોડ તેમજ તેમની ટીમના સભ્યો સાથે વહેલા સવારે છ વાગ્યાના અરસામાં પેટ્રોલીંગમાં હતા તે સમયે રણાસણ સર્કલ પાસે એસપી રીંગ રોડ પર શંકાસ્પદ હાલતમાં એક ટ્રક ઉભો હતો. પોલીસે તપાસ કરતા ટ્રકનો ડ્રાઈવર હાજર ન હતો તેમજ આસપાસના વિસ્તારમાં પણ હાજર ન હતો.પોલીસે જીજે૧ડીવી-૨૧૨૯ ટ્રકમાં તપાસ કરતા કાગળ મળી આવ્યા હતા, ટ્રક માલિક તરીકે ધોળકા નજીક બદરખા ગામના દિનેશ કપુરજી રાણાવતનું નામ છે. દારુ ભરેલો ટ્રક હોવાથી ચાલક મુકીને ભાગી ગયો હોવાનું પોલીસને લાગી રહ્યું છે. પોલીસે ટ્રકની પાછળ જઈને તાડપત્રી હટાવીને ચેક કરતા અંદર ડાંગરનું ભુસુ ભરેલુંહતું. ભુસાના કટ્ટા હટાવીને તપાસ કરતા પોલીસને અંદરથી વિદેશી દારુ પેટીઓ મળી આવી હતી. ટ્રકમાંથી ૩૯૩ પેટીઓમાં કુલ ૪૭૧૬ નંગ વિદેશી દારુની ૧૮,૮૬,૪૦૦ તેમજ પાંચ લાખનો



ટ્રક મળીને કુલ ૨૩,૮૬,૪૦૦ની કિંમતનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે. ડભોડા મથકના પીએસઆઈ બી.આર.રાઠોડે ટ્રક ચાલકને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## આલમપુર-શક્તિ વિદ્યાલય ખાતે સ્મરણાંજલિ

ગાંધીનગર તાલુકાના આલમપુર-શક્તિ વિદ્યાલય ખાતે સ્વ. પશીબેન લક્ષ્મણસીંગ ઠાકોરની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે એક સ્મરણાંજલિ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે ગુજરાત કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાના હસ્તે વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઠાકોર સમાજના આમંત્રિત મહેમાનો તથા અગ્રણીઓ હાજર રહ્યા હતા.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧